ગુજરાત સમાચાર , પાના નં. ૦૩ , તા. ૨૭.૦૩.૨૦૨૪

### આગામી મે- જૂનમાં શરૂ થઈ જનારી

# મેટ્રો ટ્રેનના રૂટ ઉપર કોર્પોરેશન લેન્ડસ્કેપિંગ સાથે બ્યુટીફિકેશન કરાવશે

ગાંધીનગર,શનિવાર

ગાંધીનગરમાં આગામી બે મહિના દરમિયાન મેટ્રો ટ્રેન શરૂ થઈ જવાની છે ત્યારે તેના રૂટ ઉપર ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા લેન્ડસ્કેપિંગ સાથે બ્યુટીફિકેશન કરવાનું પણ આયોજન હાથ ધરવામાં આવ્યું છે અને જેના ભાગરૂપે આ સમગ્ર પ્રોજેક્ટ પાર પાડવા અને તેની ડિઝાઈન તૈયાર કરવા માટે એજન્સીને કામ સોંપવાનું આજની સ્થાયી સમિતિની બેઠકમાં ઠરાવવામાં આવ્યું હતું.

## ચ-૦થી રક્ષાશક્તિ સર્કલ અને ધોળાકુવાથી પંચેશ્વર સર્કલ સુધી ડેવલપમેન્ટનું આયોજન : પ્રોજેક્ટ માટે એજન્સીને કામ સોંપાયું

ગાંધીનગર મહાનગરપાલિકા હમણાંથી માગીની બન્ને તરફ બ્યુટીફિકેશન ઉપર ખૂબ જ ધ્યાન આપી રહ્યું છે. કોબા સર્કલથી ઈન્દ્રોડા સર્કલ સુધી બાર કરોડના ખર્ચે લેન્ડસ્કેપિંગ સાથે બ્યુટીફિકેશન કરી દેવાયા બાદ હવે ઈન્દ્રોડાથી કોબા સર્કલ સુધીનું કામ કરવા માટે પણ એજન્સીને ૧૨ કરોડનો કોન્ટ્રાક્ટ આપી દેવામાં આવ્યો છે ત્યારે હવે મેટ્રો રેલના બીજા તબક્કાની કામગીરીમાં હવે મે અથવા તો જૂનમાં મોટેરાથી ગાંધીનગર સુધી મેટ્રો રેલ સેવા શરૂ થઈ જવાની છે અને તે માટે ગાંધીનગર મહાનગરપાલિકા પણ મેટ્રો રૂટની બંને તરફ તેમજ તેની નીચે લેન્ડસ્કેપિંગ સાથે બ્યુટીફિકેશન કરવાનું આયોજન કરી રહ્યું છે. મેટ્રો રેલ દ્વારા દરેક સ્ટેશનની અઢીસો મીટરના વિસ્તારમાં બ્યુટીફિકેશન કરવામાં આવનાર છે પરંતુ ગાંધીનગર મહાનગરપાલિકા જ્યારે મેટ્રો ગાંધીનગરમાં પ્રવેશે ત્યારે તેની બંને તરફ વિશેષ સુંદર દ્રશ્યો દેખાય તે માટે આ આયોજન કરવા જઈ રહી છે. જે અંતર્ગત ચ-૦થી રક્ષાશક્તિ સર્કલ અને ધોળાકુવાથી પંચેશ્વર સર્કલ સુધી ડેવલપમેન્ટનું કામ કરવા માટે અને તેનો પ્રોજેક્ટ બનાવવા એજન્સી નિયત કરવામાં આવી છે આજે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં એવીએન આર્કિટેક્ચર એન્ડ અર્બનિઝમ એજન્સીને પ્રોજેક્ટ કોસ્ટના ૧.૫ ટકા લેખે વળતર ચૂકવવાની શરત સાથે કામ સોંપી દેવામાં આવ્યું છે.